# રાજ્યમાં કોરોનાનો નવો વિક્રમ, વધુ ૨૮૭૫ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૪ વ્યક્તિનું મોત : અત્યાર સુધીમાં કુલ ૨૯૮૭૩૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૬૭૬ કેસ

ગુજરાતમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે, કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક ૨૮૭૫ કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતા કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં ૨૮૭૫ નવા કોરોના કેસ નોંધાયા છે તો બીજી તરફ ૨૦૨૪ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૯૮,૭૩૭ દર્દીઓ કોરોનાને મહાત્મ આપી ચુક્યા છે. જો કે રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૯૩.૮૧ ટકાએ પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં ૬૪,૮૯,૪૪૧ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૭,૮૩,૦૪૩ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૭૨,૭૨,૪૮૪ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારેના કુલ ૨,૨૮,૬૭૪ વયના અને ૪૫-૬૦ વર્ષનાં કુલ ૨,૨૮,૬૭૪ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૧૭,૩૬૨ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧૫,૧૩૫ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૧૬૩ લોકો વેન્ટિલેટર પર છે અને ૧૪,૯૭૨ લોકો સ્ટેબલ છે. ૨,૯૮,૭૩૭ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૪૫૬૬ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે ૧૪ લોકોનાં દુખદ નિધન થયા છે. સુરત કોર્પોરેશનમાં ૮, અમદાવાદ કોર્પોરેશનમાં ૪, અમરેલી, વડોદરા કોર્પોરેશનમાં ૧-૧ વ્યક્તિ સહિત કુલ ૧૪ લોકોનાં મોત નિપજ્યાં હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હવે આપણે શાંતિથી ફરી શકીશું... રખડતા માણસોનો ત્રાસ ઓછો થઈ ગયો છે...

## ગાંધીનગરના અદાકારોએ પુનઃ ઈતિહાસનું સર્જન કર્યુ

ગાંધીનગર, તા. ૪

નાટ્યક્ષેત્રમાં ગાંધીનગરનું નામ ગૂંજતું કરનારા નગરના અદાકારોએ પુનઃ એકવાર ઈતિહાસનું સર્જન કરીને ગાંધીનગર શહેરના નામનો ડંકો વગાડ્યો છે.

ચર્ચા-નાટક નામે એક નવા જ નાટ્યપ્રયોગનો આરંભ ગાંધીનગરથી કરીને ગાંધીનગર શહેરના અદાકારોએ એક નવા જ ચીલાની શરૂઆત કરી છે.

ધ ગ્રેટ એન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ)નાં સેક્રેટરી પ્રતિક્ષા નિમાવતે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે ચર્ચા-નાટક એ ક્લબના પ્રમુખ અને રાજ્ય સરકારના માન્યતાપ્રાપ્ત કલાકાર કુંતલ નિમાવતનાં મનનું વિચાર બીજ હતું, જેને વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તો સાકાર રૂપ આપવામાં આવ્યું હતું.

વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી જી ઈ ક્લબ દ્વારા પ્રતિવર્ષ સ્ટેજ કાર્યક્રમના માધ્યમથી કરવામાં આવે છે, એ ક્રમ આ વર્ષે પણ જાળવવામાં આવ્યો હતો. અલબત્ત, કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ આ વખતે કાર્યક્રમ ઓનલાઈન યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત-અભિનિત સંવેદનશીલ નાટક 'મને તરસ મૃગજળની' ચર્ચા-નાટક સ્વરૂપે ભજવવામાં આવ્યું હતું.

નાટ્ય અંગેની ચર્ચામાં નાટકના અદાકાર જયનલ રાવલ, કરિશ્મા પાટડીયા, મૌન સાધુ, કુંતલ નિમાવત ઉપરાંત, સંગીત સંચાલક પર્વ નિમાવત અને અદાકારા હાર્દિકા શુક્લ જોડાયાં હતાં. કાર્યક્રમનું પ્રભાવી સંચાલન દિપલ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગરની સૌપ્રથમ ગુજરાતી યુટ્યુબ ચેનલ 'લાઈવ ગાંધીનગર'ના માધ્યમથી સમગ્ર કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં રાજ્ય ઉપરાંત દેશ-વિદેશના ગુજરાતી નાટ્યરસિકોએ આ નવતર નાટ્યપ્રયોગને માણ્યો હતો અને તેના આયોજન બદલ કલાકારોની પ્રશસ્તિ કરી હતી.

## ઓપરેશનની સલાહ લેવા આવેલા ધારાસભ્યની ગાંઠ ગાંધીનગરના તબીબે ત્રણ મિનિટમાં દૂર કરી દીધી..!!

**ચોટીલાના ધારાસભ્ય ઋત્વિક મકવાણા કેટલાંક વર્ષોથી પીઠ પર થયેલી ગાંઠથી પરેશાન હતા : ખુરશીમાં ટેકો દઈને બેસવું પણ મુશ્કેલ બનતા વિધાનસભાના ડો. અનિલ ચૌહાણની સલાહ લેવા આવ્યાં ને ગણતરીની મિનિટોમાં ડો. ચૌહાણે દર્દમુક્ત કરી દીધા**

ગાંધીનગર, તા. ૪

"શૂળીનો ઘા સોંયથી ગયો" એ કહેવત એમ જ થોડી બની છે ? ક્યારેક દરેકના રોજબરોજના જીવનમાં તે પ્રકારનો અનુભવ થતો હોય છે જેમાં ખૂબ મોટું લાગતું જોખમ સાવ સસ્તામાં તમારો પીછો છોડી દે. આવો જ એક અનુભવ તાજેતરમાં ગાંધીનગર ખાતેની ગુજરાત વિધાનસભામાં ચોટીલાના ધારાસભ્ય ઋત્વિક મકવાણાને થયો હતો જેમાં તેમની પીઠ પર થયેલી એક ગાંઠે ચિંતાગ્રસ્ત કર્યા હતા અને તેનાથી છુટકારો કેવી રીતે મેળવવો તેની સલાહ લેવા તેઓ વિધાનસભા સંકુલના દવાખાનામાં તૈનાત ડૉ. અનિલ ચૌહાણ પાસે ગયાં ને માત્ર ગણતરીની મિનિટોમાં ગાંઠની સમસ્યાથી જ મુક્તિ મેળવી પ્રફુલ્લિત ચહેરે પરત ફર્યા હતા.



વાત જાણે એમ હતી કે ચોટીલાના ધારાસભ્ય ઋત્વિક મકવાણાને પીઠના ભાગે એક મોટી ગાંઠ કેટલાંક વર્ષોથી થવા પામી હતી જે તેમને કળતર આપી રહી હતી અને તેના કારણે તેમને ખુરશીમાં ટેકો દઈને બેસવું પણ મુશ્કેલીરૂપ બની રહ્યું હતું. આ ગાંઠ માટે થોડા વર્ષો પૂર્વે તેમણે રૂ. ૨૨ હજાર ખર્ચીને ઓપરેશન પણ કરાવ્યુ હતુ પરંતુ ફરી ગાંઠ વધીને મોટી થઈ ગઈ હતી અને તેની આસપાસના ભાગે સોજો પણ આવી ગયો હતો. આ સંજોગોમાં સત્રના છેલ્લાં દિવસોમાં યોજાયેલી બબ્બે બેઠકો જે સવારે ૧૦ વાગ્યાથી શરૂ થઈને રાત્રે નવ વાગે પુરી થાય ત્યારે સતત ગૃહમાં બેસવું ભારે પરેશાનીરૂપ બની રહ્યું હતું. આશરે સાડા ત્રણ બાય અઢી ઈંચનો ઘેરાવો ધરાવતી તાડફળીના આંકારની ગાંઠના દર્દથી ત્રાસીને તેમણે વિધાનસભાના તબીબ ડૉ. અનિલ ચૌહાણ પાસે સલાહ લેવા આવ્યાં કે કોરોના કાળમાં કઈ હોસ્પિટલમાં તેનું ઓપરેશન કરાવું તો સંતોષકારક પરિણામ મળે અને તેના દર્દથી કાયમી છુટકારો મળે ? તેના માટે કેટલાં દિવસ હોસ્પિટલમાં રહેવું પડે વગેરે. ગાંઠનું અવલોકન અને જરૂરી પરીક્ષણ કર્યા બાદ ડૉ. અનિલ ચૌહાણે જણાવ્યું કે 'તમારી આ ગાંઠ તો અહીં જ નાનકડી શસ્ત્રક્રિયાથી દૂર થઈ જશે" તે સાંભળીને ઋત્વિક મકવાણા પહેલા તો આશ્ચર્યમાં મુકાઈ ગયા પરંતુ ડૉક્ટરનો આત્મ વિશ્વાસ જોઈને તેમણે "તો પછી કરો કંકુના..." જેવો હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. આ પછી ડૉ. ચૌહાણે તેમને જરૂરી પ્રિ-ઓપરેટીવ મેઝર્સ અને મેડિસિન્સ આપી અને સાવચેતી સાથે ગાંઠનું ઓપરેશન શરૂ કર્યુ હતુ જે સૌના આશ્ચર્ય વચ્ચે માત્ર ૧૮૦ સેકન્ડસ એટલે કે ત્રણ જ મિનિટમાં પુરૂ થઈ ગયું અને ધારાસભ્યના પીઠ પરની ગાંઠને સફળતાપૂર્વક દૂર કરી દેવામાં આવી. માત્ર દસમી મિનિટે ગૃહમાં પરત ફરી શકેલા ઋત્વિક મકવાણાએ ડૉ. અનિલ ચૌહાણનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો અને તેમના કૌશલ્ય અને સેવાને બિરદાવતા કહ્યું હતું કે "ડૉક્ટર એ પૃથ્વી પરનો નજરે દેખાતો ઈશ્વર છે."

### કેવી હતી ધારાસભ્યની પીઠ પરની ગાંઠ ?

ડૉ. અનિલ ચૌહાણે ઋત્વિક મકવાણાની પીઠ પરની ગાંટનું અવલોકન-પરીક્ષણ કર્યા બાદ જણાવ્યું હતું તે તેમની ગાંઠ બીનાઈન પ્રકારની ગાંઠ એપીડમોઈડ સિસ્ટ છે જે એક પ્રકારની ચરબીની ગાંઠ કહેવાય જેમાં ચામડીમાં સૌથી ઉપરનું પડ એપીડર્મીસ જ્યારે અંદરના પડ ડર્મીસની અંદર ઉતરી જાય ત્યારે આ પ્રકારની ગાંઠનું નિર્માણ થાય છે. આ પ્રકારની ગાંઠ બાળપણમાં કોઈ તિક્ષ્ણ પદાર્થ વાગવાથી થઈ શકે છે જે પોતાની આપમેળે ઓગળતી નથી તેવું ડૉ. ચૌહાણે જણાવ્યું હતું.

### આરટીપીસીઆર ટેસ્ટમાં ધસારો વધતાં

## રિપોર્ટસ મળવામાં લાગતો ૩૬ કલાકથી વધુ સમય

શહેરમાં કોરોના સંક્રમણ અત્યંત ભયજનક રીતે વધી રહ્યું છે, શહેરમાં રેપિડ ટેસ્ટ માટે પણ લાંબી લચક લાઈનો જોવા મળી રહી છે. આ સ્થિતિમાં આરટીપીસીઆર ટેસ્ટમાં પણ હવે ખૂબ ધસારો વધવાને કારણે રિપોર્ટસ મળતા ૩૬ કલાકથી પણ વધુ સમય લાગી રહ્યો છે. શહેરમાં આરટીપીસીઆર ટેસ્ટ કરતી બે મુખ્ય ખાનગી લેબોરેટરીમાં જ્યાં પહેલા ૨૪ કલાકની અંદર રિપોર્ટ મળી જતો હતો તેમાં હવે ૩૬ કલાકથી વધુનો સમયલાગી રહ્યો છે, બીજી તરફ આરટીપીસીઆર ટેસ્ટ કરાવવા માંગતા નાગરિકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે કેમકે રાજ્યની બહાર આવનજાવન કરવી હોય કે એરપોર્ટ સહિતના મહત્વના સ્થળોએ જવાનું હોય દરેક જગ્યાએ હવે આરટીપીસીઆર રિપોર્ટ ફરજિયાત થઈ રહ્યો છે.

શહેરમાં આરટીપીસીઆર ટેસ્ટ માટે વધી રહેલો ધસારો દર્શાવે છે કે સંક્રમણ કેવી સ્થિતિએ પહોંચી રહ્યું છે, નોન સિમ્ટોમેટિક નાગરિકો પણ જે રેપિડમાં નેગેટિવ આવ્યાં હોય છે તેઓના આરટીપીસીઆર પોઝિટીવ આવે તેવી ઘટનાઓ જોવા મળી રહી છે. શહેરમાં સરકારી હોસ્પિટલ તો હાઉસફુલ છે જ પરંતુ ખાનગી કોવિડ હોસ્પિટલ્સ પણ દર્દીઓથી ઉભરાઈ રહી છે. સંપૂર્ણ લોકડાઉન ના હોવાને કારણે ટેસ્ટ કરાવવાનું ટાળતાં સંક્રમિત વ્યક્તિઓ બેરોકટોક વેપાર-ધંધા-વ્યવસાય કે નોકરી માટે અથવા સામાજિક પ્રસંગો કે ચૂંટણી પ્રચાર વગેરેમાં બેરોકટોક ફરી રહ્યાં છે અને સંક્રમણ ફેલાવી રહ્યાં છે. જો કે હવે ટેસ્ટ કરાવી લેવાનું ચલણ વધ્યું છે જેના કારણે રેપિડ ટેસ્ટના તંબુઓ પર લાંબી લચક લાઈનો લાગી રહી છે પરંતુ આરટીપીસીઆર ટેસ્ટ વધુ વિશ્વસનીય હોવાથી મોટાભાગની અગત્યની કાર્યવાહી કે મહત્વના સ્થળોએ પ્રવેશ માટે અથવા આંતરરાજ્ય આવનજાવન માટે આરટીપીસીઆર ટેસ્ટ ફરજિયાત કરી દેવામાં આવ્યો છે. આ કારણે ટેસ્ટ કરાવનારાઓનો ધસારો ખૂબ વધી જવા પામ્યો છે અને સરકારી હોસ્પિટલ ઉપરાંત આરટીપીસીઆર કરવા માટે માન્યતા પ્રાપ્ત ખાનગી પેથોલોજી લેબોરેટરીમાં ખૂબ ભારણ વધ્યું છે જેના પગલે આરટીપીસીઆર ટેસ્ટનો રિપોર્ટ મળવામાં હવે ૩૬ કલાકથી વધુનોસમય લાગી રહ્યોછે જેના કારણે પોઝિટીવ હોય તો દર્દીની સારવાર-નેગેટીવ હોય તોપણ તેના મત્વના કામકાજ વિલંબિત થઈ રહ્યાં છે.



ગાંધીનગરના સેકટર-૩ ન્યુ ખાતે સ્થાનિક યોગ પરિવાર દ્વારા ઉનાળાની ગરમીને અનુલક્ષીને પક્ષીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થાના હેતુસર માટીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. સે-૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા દ્વારા આયોજિત આ કુંડા વિતરણમાં રાકેશભાઈ શાહ દ્વારા આર્થિક સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી માટે ઉમેદવારોએ ડોર ટુ ડોર પ્રચાર અભિયાનનો મોળા પ્રતિસાદ સાથે આરંભ કર્યો છે. ચૂટંણી માટેનું વાતાવરણ જામતુ નહિ હોવાનુ જોવા મળી રહ્યું છે.
- ગાંધીનગર સ્મશાનમાં આજે ૨૧ મૃતદેહોની અંતિમ વિધિ કરવામાં આવી છે.
- પત્રકાર ઉજ્જવલ વ્યાસના પિતાશ્રી ડૉ. શ્રીધર એચ. વ્યાસનું કોવિડ-૧૯ની સારવાર હેઠળ મહેસાણા હોસપિટલમાં દાખલ હતા અને હૃદયરોગના હુમલાથી અવસાન થયુ છે.
- ગાંધીનગરના જાણીતા એડવોકેટ પિનાકીન રાવલનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં અત્યારે રોજના એક હજારથી વધુ કોરોનાના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.
- ગાંધીનગર બ્રહ્મ સમાજના અગ્રણી અને જિલ્લા પંચાયત પ્રમુખના પૂર્વ અંગત મદદનીશ ગિરીશ ભટ્ટનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ શાખાના એક કર્મયોગીનું દુઃખદ અવસાન થયુ છે.

# સરકારી જોબમાં ગિફ્ટ, રાજકારણ, પ્રલોભન અને સ્નેહીને નોકરીની ભલામણ પ્રતિબંધિત

ગુજરાત સરકારના અધિકારીઓ તેમજ કર્મચારીઓ માટે શિસ્તના કેટલાક નિયમો બનાવવામાં આવેલા છે પરંતુ હાલના સમયમાં તેનું પાલન થતું નથી. સરકારમાં જે નિયમ બનાવવામાં

## નિયત રકમથી વધુની ખરીદી કરી હોય તો વિભાગને જાણ કરવી, ત્રાહિત પાસેથી નાણાં નિષેધ

આવેલા છે તેનો સદાય ભંગ થતો જોવા મળતો હોય છે. રાજકારણમાં જોડાવું નહીં કે રાજનીતિ કરવી નહીં તેવી સ્પષ્ટ સૂચના હોવા છતાં સત્તાધારી પાર્ટીની સરકારનું ખાનગીમાં કામ થાય છે. મહિલા કર્મચારીની સતામણી કરવી નહીં તેવું લખેલું છે છતાં તે થાય છે. ફાઈલ અને કામગીરીની ગુપ્તતા જાળવવાના તો સોગંધ લેવામાં આવે છે છતાં કોર્પોરેટ પ્રતિનિધિઓ તેમજ જે લોકો રૂપિયા આપે છે તેમની સામે સરકારની ગુપ્ત બાબતોને ખોલી દેવામાં આવે છે. સરકારે આવા તમામ નિયમોનું કડકાઈથી પાલન કરવું જોઈએ.

**વર્ગ-૧ થી વર્ગ-૪ના કર્મચારીને લાગુ પડતા નિયમો...**

સરકારી નોકરીમાં જોડાયા પછી કેટલાક પાઠ ભણાવવામાં આવે છે અને સરકારી નોકરી માટે નિયમોના મોડ્યુલ્સ બહાર પાડવામાં આવ્યા છે છતાં તેને વાંચવાની તસદી કોઈ અધિકારી કે કર્મચારી લેતો નથી, પરિણામે આ નિયમો બુકલેટમાં બંધ પડી રહે છે. આ સમયમાં જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીના ડેપ્યુટી રજીસ્ટ્રાર ડો. એકે જાડેજાએ ગુજરાત રાજ્ય સેવા વર્તણૂક નિયમો ૧૯૭૧ની તમામ સરકારી અધિકારી તેમજ કર્મચારીઓને સમજ આપતી નોટ તૈયાર કરી છે જે સરકાર અને તમામ સરકારી નોકરની આંખ ખોલે તેવી છે. જો નિયમો પ્રમાણે વર્તન થાય તો સરકારી વિભાગોમાં અસલી કર્મયોગી જોવા મળી શકે છે. ગુજરાત સરકારના તમામ કર્મચારીઓ કે જેઓ વર્ગ-

## મહિલા કર્મચારીની સતામણી ના કરો, સટ્ટો રમો નહીં, ઉછીનું આપો કે લો નહીં, દહેજ લેવું નહીં

૧ થી વર્ગ-૪માં આવે છે તેમને આ નિયમો લાગુ પડે છે. આ નિયમો અખિલ ભારતીય સેવાના અધિકારીઓ જેવાં કે આઈએએસ, આઈપીએસ અને આઈએફએસ અધિકારીઓને લાગુ પડતા નથી, કેમ કે તેમના માટે ભારત સરકારે નિયમો બનાવ્યા છે. આ નિયમો પંચાયત સેવાના કર્મચારીઓને પણ લાગુ પડતા નથી. પંચાયતમાં સેવા નિયમો ૧૯૯૮ લાગુ પડે છે.

**મહિલા કર્મચારીની જાતિય સતામણી થઇ શકે નહીં...**

પ્રત્યેક કર્મચારી પ્રામાણિક રહેશે. ફરજ પ્રત્યે નિષ્ઠા દાખવશે. સરકારી કર્મચારીને છાજે નહીં તેવું વર્તન કરી શકશે નહીં. આ ત્રણ બાબતો વર્તણૂક નિયમોનો હાર્દ છે. પ્રત્યેક કર્મચારી પોતાની ફરજમાં આવતું કામ કરવા બંધાયેલો છે અને તેના માટે સરકાર તેને પગાર અને ભથ્થાં આપે છે. ત્રાહિત વ્યક્તિ પાસેથી તે રોકડ કે અન્ય વસ્તુના સ્વરૂપમાં કંઇ માગી શકે નહીં. કર્મચારીએ વારંવાર રજાઓ રાખીને ગેરહાજર રહેવું ન જોઈએ. પ્રત્યેકે તેમની સમયમર્યાદામાં કામ કરવાનું છે. તેમને મળેલી સત્તાનો ઉપયોગ સ્વવિવેક અનુસાર કરવાનો રહેશે. તેમણે કોઈ કામ વિલંબમાં નાંખવાનું નથી. કોઈપણ કર્મચારી મહિલાની જાતિય સતામણી કરી શકશે નહીં. કામના સ્થળે સહ કર્મચારી મહિલા હોય તો તેમની સાથે તેણે યોગ્ય વર્તણૂક કરવાની રહેશે. જાતીય સતામણી એટલે શારીરિક સ્પર્શ થઈ શકે નહીં, જાતીય સંમતિ માટે માગણી કરી શકાય નહીં, ઉત્તેજનાવાળી ચેષ્ટા કરવી જોઈએ નહીં, અશ્લિલ સાહિત્ય બતાવવું જોઈએ નહીં તેમજ શારીરિક, મૌખિક કે ઈશારાથી કરેલું અણછાજતું વર્તન પણ ગુનો બને છે.

**વગનો ઉપયોગ ના થાય, રાજનીતિથી દૂર રહેવું પડે...**

સરકારી સહાય મેળવતી અથવા જેની સાથે સરકારી કામકાજ રહેતું હોય તેવી ખાનગી સંસ્થામાં પોતાના સગાને નોકરીમાં રખાવવામાં પોતાના હોદ્દાનો ઉપયોગ કરવો નહીં. આવી કોઈ સંસ્થા કે કંપની કે પેઢીમાં પોતાના પુત્ર કે પરિવારના સભ્યને નોકરી મળે તો તે સ્વિકારતા પહેરતાં વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીની પૂર્વમંજૂરી મેળવવી પડશે. સરકારી કર્મચારીના કોઈ પરિવારજન ખાનગી સંસ્થા કે કંપનીમાં નોકરી કરતાં હોય તેવી કંપની સાથે કોઈપણ એગ્રીમેન્ટ કરી શકાશે નહીં. કોઈપણ સરકારી અધિકારી કે કર્મચારી ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે નહીં. કોઈપણ પક્ષનું ચિન્હ શરીર પર કે વાહન પર રાખી શકશે નહીં. રાજકીય પાર્ટીનો સભ્ય બની શકતો નથી. રાજકીય પક્ષને ફાળો આપી શકે નહીં કે તેના માટે ઉઘરાવી શકે નહીં. સરકારને ઉથલાવવાના કામમાં પરિવારનો કોઈ સભ્ય ભાગ લેતો હોય તો તેને અટકાવવો જોઈએ અથવા તો સરકારને જાણ કરવાની રહેશે. સલામતી જોખમાય તેવી હડતાલમાં તે જોડાઇ શકે નહીં. દેશના સાર્વભૌમત્વ કે એકતાને નુકશાન થાય તેવા કોઈપણ મંડળમાં જોડાઇ શકાય નહીં.

**ભેટ પ્રતિબંધિત, મોંઘુ આતિથ્ય સ્વિકારી શકે નહીં...**

સરકારની મંજૂરી વિના અખબાર કે સામયિકની માલિકી ધરાવી શકે નહીં કે ભાગીદાર બની શકે નહીં. મંજૂરી વિના પોતાના નામ કે ઉપનામથી કંઇ લખી શકાય નહીં. પુસ્તક પ્રગટ કરી શકાય નહીં. રેડિયો પ્રસારણમાં ભાગ લઇ શકે નહીં. જો કે સરકારની મંજૂરી વિના કર્મચારીનું સાહિત્ય સાહિત્યિક, કલા વિષયક કે વૈજ્ઞાનિક પ્રકારનું હોય તો પ્રગટ કરાવી શકશે. કોઈપણ સરકારી કર્મચારી સરકારની જાહેરમાં ટીકા કરી શકે નહીં. કોઈપણ ઉદ્દેશ માટે ફાળો માગી શકે નહીં કે સ્વિકારી શકે નહીં તેમજ આવી કામગીરીમાં પરોક્ષ રીતે મદદ પણ કરી શકાશે નહીં. જો સરકાર મારફતે કોઈ ફાળો શરૂ કરવામાં આવ્યો હોય અને જવાબદારી સોંપવામાં આવી હોય તો તે ફાળો લઈ શકશે. સરકારમાં કોઈ ભેટ કે સોગાદ મેળવી શકાતી નથી. બહારના મુલાકાતીઓ કે ઉદ્યોગજૂથના પ્રતિનિધિઓ જે તે અધિકારીને વાહન સુવિધા, મફત ભોજન, રહેઠાણ, ખર્ચાળ આતિથ્ય, રૂપિયા કે વસ્તુ આપે તેને ભેટ કહેવાય છે અને તે લઈ શકાય નહીં. કર્મચારી પોતાના સગા કે આમંત્રિત પાસેથી ભેટ સ્વિકારી શકે છે પરંતુ તેની મર્યાદા નક્કી કરવામાં આવી છે. જેવી કે લગ્ન પ્રસંગે વર્ગ પ્રમાણે કર્મચારી કે અધિકારી ૧૦૦ થી ૭૦૦૦ રૂપિયા સુધીની ગિફ્ટ સ્વિકારી શકે. જન્મદિન પ્રસંગે ૫૦૦ થી ૧૫૦૦ સુધીની ગિફ્ટ મેળવી શકે પરંતુ તે રકમથી વધુની ગિફ્ટ સ્વિકારવી હોય તો સરકારને જાણ કરવાની રહે છે.

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**દહેજની બાબતમાં સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવેલો છે...**

કોઈપણ અધિકારી દહેજ આપી શકે નહીં કે લઈ શકે નહીં. સીધી કે આડકતરી રીતે માંગણી પણ કરી શકે નહીં. દહેજ આપવામાં કે લેવામાં કોઈને મદદ પણ કરી શકાય નહીં. પોતાના માનમાં યોજવામાં આવેલા સત્કાર સમારંભમાં હાજરી આપી શકાય નહીં. અભિનંદન કે વિદાયનું પ્રમાણપત્ર સ્વિકારી શકે નહીં પરંતુ બિનખર્ચાળ સમારંભ હોય તો હાજરી આપી શકે. બદલી, બઢતી કે નિવૃત્તિ વખતે યોજાયેલા ખાનગી સમારંભમાં હાજરી આપી શકાશે પરંતુ કર્મચારીઓનો ફાળો ઉઘરાવીને સમારંભ યોજી શકાય નહીં. કોઈપણ સરકારી નોકર પૂર્વ મંજૂરી વિના ધંધા કે વ્યાપારમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાઇ શકે નહીં. અન્ય કોઈ રોજગાર કે નોકરી લઈ શકે નહીં. પરિવારના સભ્યની માલિકીની એજન્સીનો પ્રચાર કરી શકે નહીં. પત્ની અથવા પરિવારની વ્યક્તિ દ્વારા શરૂ કરાયેલા બિઝનેસમાં નાણાં આપી શકે નહીં. સામાજીક કે સખાવતી પ્રકારનું માનદ કામ લઈ શકાય છે. સરકારી કર્મચારીઓના લાભ માટેની સહકારી મંડળી ઉભી કરવામાં અથવા વહીવટ કરવામાં ભાગ લઈ શકાય છે. પોતાની સરકારી ફરજ અદા કરવી વખતે કરેલા કાર્યો કે ચારિત્ર્ય અંગે જ્યારે ત્રાહિત વ્યક્તિ તરફથી બદનક્ષીભર્યા આરોપ મૂકવામાં આવે ત્યારે તે નિર્દોષ સિદ્ધ કરવા માટે કોઈપણ સરકારી નોકર અદાલત કે

## રાજ્ય સેવા વર્તણૂક નિયમો ૧૯૭૧માં વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીના અધિકારી-કર્મચારી માટે આદેશ

અખબારનો આશરો લઇ શકે છે. પોતાની કચેરીની કોઈપણ મિલકત ખરીદવા અથવા હરાજીમાં ભાગ લઇ શકશે નહીં.

**શેર-સટ્ટામાં રોકાણ નહીં, મિલકત લે-વેચમાં પાબંધી...**

શેર કે સટ્ટામાં રોકાણ હરગીજ કરી શકાય નહીં. કોઈને રોકાણ ઉછીના આપી શકાય નહીં કે લઈ શકાય નહીં. અંગત બાબતોની વ્યવસ્થા એવી રીતે કરવી જોઈએ કે જેથી દેવું કે નાદારી નિવારી શકાય. જો નાદાર જાહેર થાય તો ૫૦ ટકા પગાર કાપ, સંપૂર્ણ પગાર બંધ કે નોકરીમાંથી દૂર સુધીના પગલાં લઈ શકાય છે. કોઈપણ સરકારી નોકરને તેની સામે થયેલી ફોજદારી અથવા તો દિવાની કાર્યવાહીની સરકારને જાણ કરવાની રહે છે. પ્રત્યેક અધિકારી કે કર્મચારીએ નિયત સમયમાં સરકારને જંગમ, સ્થાવર કે કિમતી મિલકતોની તમામ માહિતી આપવાની રહે છે. આ માહિતી નોકરીમાં જોડાયા પછીના તબક્કાવાર વર્ષે આપવી પડતી હોય છે. મિલકત ગમે તે સ્વરૂપે ખરીદે અથવા તો વેચે ત્યારે સરકારને જાણ કરવી પડે છે. મિલકતની લે-વેચ અમુક રકમથી વધે તો સરકારને બે મહિનામાં જાણ કરવી પડે છે. વર્ગ પ્રમાણે ૧૦,૦૦૦ થી ૨૫૨૦૦ રૂપિયા સુધીની રકમ સરકારે ઠેરવી છે. આ રકમ કરતાં ઓછી રકમની લે-વેચ થઈ હોય તો જાણ કરવાની રહેતી નથી પરંતુ વધુ રકમની લે-વેચ થાય તો અવશ્ય સત્તાધિકારીને જાણ કરવી પડે છે.

**બીજું લગ્ન કરી શકે નહીં, ત્રણ થી વધુ બાળકો નહીં...**

પોતાની નોકરીને લગતી કોઈપણ બાબત અંગે અથવા પોતાનું હિત પાર પાડવા માટે બિન સરકારી કે બહારની વ્યક્તિની વગનો ઉપયોગ કરી શકાય નહીં. જેમ કે સંસદસભ્ય અથવા ધારાસભ્યનો સંપર્ક કરી શકે નહીં. કોઈપણ કોમી સંસ્થાનો સભ્ય બની શકે નહીં. ગ્રંથાલય, હોસ્પિટલ અને સ્કૂલ કે અન્ય પ્રવૃત્તિ સાથે પોતાનું કે પરિવારના સભ્યનું નામ જોડી શકાતું નથી. મુસ્લિમ ધર્મ સિવાય પરણિત અધિકારી કે કર્મચારીએ એક લગ્ન કર્યુ હોય તો બીજું લગ્ન કરી શકતો નથી. અપરણિત કર્મચારી અન્ય વ્યક્તિ કે જેનો પતિ કે પત્ની હયાત હોય તેવી વ્યક્તિ સાથે લગ્ન કરી શકતો નથી. દરેક સરકારી અધિકારી કે કર્મચારી તેમના બાળકોની સંખ્યા ત્રણ કરતાં વધુ રાખી શકે નહીં. સરકારી નોકર માટે નાનું કુટુંબ રાખવા અંગેનો નિયમ ૧૬મી ઓક્ટોબર ૧૯૭૬થી અમલમાં આવેલો છે.